dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

B++ NAAC Accredited University
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

June 2009 For private circulation only Vol. 01 - Issue 11

The modern system of education is fully concentrated on enriching knowledge and earning one's livelihood. The important aspect of learning-to live together and with others, and learning to be one's true self - are almost neglected. The result is that while knowledge is increasing and economic development is taking place, peaceful co existence and the identification of the inner wealth are being lost sight of.

**Acharya Mahapragya and A.P.J. Abdul Kalam**
**- The Family and the Nation.**

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચક મિત્રો,

ઉનાળુ વેકેશન પૂરું થવામાં છે. નવા શૈક્ષણિક સત્રની પ્રવેશ કામગીરી ચાલી રહી છે. ચાલુ વર્ષે સમગ્ર સૂરત શહેરની બી.કોમ., બી.બી.એ. તથા બી.સી.એ. અભ્યાસક્રમ માટે કેન્દ્રીય પ્રવેશ પદ્ધતિ દાખલ કરાતાં પ્રવેશાર્થીઓ તથા વાલીઓનો કોલેજે-કોલેજે ધકકા ખાવાના બંધ થયા છે. વળી, પ્રવેશ પદ્ધતિ પણ કમ્પ્યૂટરાઈઝડ બનાવાયેલ હોવાથી સંપૂર્ણ પારદર્શિતા આપોઆપ બની છે. સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત વાણિજય તથા વિનયન કોલેજોના વિદ્યાર્થીઓને કેમ્પસ દ્વારા નોકરી મળી રહે તેના પ્રયાસ રૂપે ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરી દ્વારા અલાયદો પ્લેસમેન્ટ સેલ દરેક જિલ્લા માટે ઊભો કરવામાં આવ્યો છે. આ સેલના નેજા હેઠળ સુરત જિલ્લાની કોલેજોના વિદ્યાર્થીઓ માટે ઝેડ.એફ.વાડિયા વિમેન્સ કોલેજમાં ભરતી મેળાનું આયોજન રીલાયન્સ એચ.આર. સર્વિસીસ કંપની દ્વારા કરવામાં આવેલ. કુલ ૩૫૮ વિદ્યાર્થીઓએ ભરતી મેળામાં ભાગ લીધેલ. જે પૈકી બાવન વિદ્યાર્થીઓને સ્થળ પર નોકરીના નિમણૂંક પત્રો આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમથી એક બાબત સ્પષ્ટ બની હતી કે વાણિજય તથા વિનયનના સ્નાતકો માટે સેવાકીય ક્ષેત્રોમાં કારકિર્દી ઘડવાની વિપુલ તકો ઉપલબ્ધ છે. ઊભરતા સેવાના ક્ષેત્રો માટે સ્પર્ધાત્મકતા માટે જરૂરી સોફ્ટ સ્કીલ્સ પર નિપૂણતા મેળવવી જરૂરી છે.

વર્લ્ડ ઈકોનોમિક ફોરમ દ્વારા ૧૯૭૯થી દર વર્ષ વિશ્વના ૧૨૫થી વધુ દેશોના અર્થતંત્રનો અભ્યાસ કરી ગ્લોબલ કમ્પિટિટિવનેસ ઈન્ડેક્ષ તૈયાર કરવામાં આવે છે. આ ઈન્ડેક્ષ તૈયાર કરવા માટે કુલ બાર આધારસ્તંભોને ત્રણ મુખ્ય ચાલક પરિબળોમાં વહેંચવામાં આવે છે. કોઈપણ દેશની સ્પર્ધાત્મકતાનો આધાર તે દેશમાં રહેલાં મૂળભૂત પરિબળો, (factor-driven) સ્પર્ધાત્મકતા વધારનાર અસરકારકતા આધારિત પરિબળો (efficiency-enhancers) તથા નવીનીકરણ આધારિત (Innovation-driven) પરિબળો હોય છે.

ફેક્ટર-ડ્રીવન અર્થતંત્રમાં સ્પર્ધાત્મકતા હાંસલ માટેના મુખ્ય ચાલક બળોમાં આવક તથા સંપત્તિ ઉત્પન્ન કરવામાં મહત્વનો ફાળો આપનાર સંસ્થાઓનું આંતર માળખાકીય જોડાણ, વિસ્તૃત અને અસરકારક ભૌતિક સવલતોનું પ્રમાણ, અર્થતંત્રની સ્થિરતા તથા ટકાઉ ક્ષમતા, અને આરોગ્ય તથા પ્રાથમિક શિક્ષણની ગુણવત્તાનું સ્તર એમ મુખ્ય ચાર પરિબળો દ્વારા સ્પર્ધાત્મકતા મેળવી શકાય છે. સ્પર્ધાત્મકતા માટે આ ચાર પરિબળો પાયાના પરિબળો છે. જેના વિના હરીફાઈ ક્ષમતા કેળવવી શકય નથી. અસરકારકતા આધારિત પરિબળો દ્વારા અર્થતંત્રની સ્પર્ધાત્મકતામાં વધારો થાય છે. આમાં કુલ છ મુખ્ય પરિબળો ભાગ ભજવે છે. જેમાં ઉચ્ચ શિક્ષણ અને તાલીમની વ્યવસ્થાની દેશની પરિસ્થિતિ, પેદાશોનું અસરકારક બજારતંત્ર, લેબર માર્કેટની અસરકારકતા, નાણાકીય બજારતંત્રનું આધુનિકીકરણ, ટેકનોલોજિકલ તૈયારીઓ તથા બજારનું કદ મુખ્ય છે.

પાયાના પરિબળોની હાજરીમાં અસરકારકતા પેદા કરનાર આ પરિબળોથી હરીફાઈ ક્ષમતામાં ગુણાત્મક સુધારો થાય છે. અંતિમ તબકકામાં નવીનીકરણ આધારિત સ્પર્ધાત્મકતા બે પરિબળો પર અવલંબિત છે. જેમાં દેશના બિઝનેશ નેટવર્કની સક્ષમતા તથા આનુષાંગિક સેવાઓની સાંકળ, અને હરીફાઈમાં ટકી રહેવા માટે નવીનીકરણને ઉત્તેજન મળે તેવું પ્રેરણાપ્રેરક વાતાવરણ મુખ્ય છે.

ઉપરોક્ત બાર આધારસ્તંભોને ધ્યાને લઈ વર્ષ ૨૦૦૮-૦૯ ના ઈન્ડેક્ષ મુજબ ભારતનું સ્થાન ૫૦ મા ક્રમે આવે છે. દરેક આધારસ્તંભો મુજબનું રેન્કિંગ આ મુજબ છે :

| | ૧૩૪ દેશો પૈકી રેન્ક |
|---|---|
| **(a) Basic Requirements** | **80** |
| 1st Institutions | 53 |
| 2nd Infrastructure | 72 |
| 3rd Macroeconomic stability | 109 |
| 4th Health & primary education | 100 |
| **(b) Efficiency Enhancers** | **33** |
| 5th Higher education & training | 63 |
| 6th Goods market efficiency | 47 |
| 7th Labour market efficiency | 89 |
| 8th Financial market sophistication | 34 |
| 9th Technological readiness | 69 |
| 10th Market size | 5 |
| **(c) Innovation and Sophistication factors** | **27** |
| 11th Business Sophistication | 27 |
| 12nd Innovation | 32 |

આ રિપોર્ટમાં સૌથી વધુ ધ્યાનાકર્ષક બાબત એ છે કે નવીનીકરણ તથા ધંધાકીય વ્યવહારદક્ષતામાં ભારતનો ક્રમ ૨૭મો આવે છે. જો ઉચ્ચશિક્ષણ અને તાલીમ તથા ટેકનોલોજિકલ તૈયારીઓની બાબતમાં વિશેષ ધ્યાન અપાય તો વિશ્વમાં આપણી હરીફાઈ ક્ષમતામાં ગુણાત્મક વધારો થઈ શકે.

દેશના અર્થતંત્રના વિકાસની દિશાના સંદર્ભમાં વિચારીએ તો અગીયારમી પંચવર્ષીય યોજનાના મુખ્ય સાત પડકારો દર્શાવવામાં આવેલ છે. પહેલી બાબત છે ગરીબ વર્ગ માટે આવશ્યક જાહેર સેવાઓ પૂરી પાડવી. બીજો પડકાર ખેતીના પ્રાધાન્યને પુનઃસ્થાપિત કરવાનો તથા તેમાં મૂલ્ય વર્ધિત પેદાશો થકી વિકાસ સાધવાનો છે. ત્રીજુ, ઉદ્યોગોની હરિફાઈ ક્ષમતામાં વધારો કરી વિકાસ દર ૧૨ ટકા સુધી લઈ જવાનો છે. ચોથી બાબત માનવ સંસાધનોનો વિકાસ. જેમાં ટેકનિકલ તથા વોકેશનલ નિષણાતો ઊભા કરવાની બાબત પર ભાર મૂકાયો છે. પાંચમી બાબત પર્યાવરણની જાળવણી કરી સમતુલીત વિકાસની બાબત છે. છઠ્ઠી બાબત વિકાસલક્ષી પ્રોજેકટને લીધે અસર પામતા લોકોને પુનઃસ્થાપિત કરવાની છે. તથા છેલ્લે, વિકાસની ગતિ ઝડપી બનાવવા કાર્યક્રમ વહીવટ દ્વારા ઝડપી નિર્ણયો લેવાય તથા પારદર્શિતા જળવાય તેની છે.

સૌથી ધ્યાનાકર્ષક બાબત એ છે કે ઝડપી વિકાસ માટેનું ગ્રોથ એન્જિન સેવાનું ક્ષેત્ર છે. આ ક્ષેત્રનો કલ જી.ડી.પી.માં ૫૪ ટકા જેટલો ફાળો છે. વર્ષ ૨૦૨૦ સુધીમાં ૪ કરોડ લોકોને રોજગારી આપવાની ક્ષમતા સેવાકીય ક્ષેત્રમાં છે. આ ક્ષેત્રને મુખ્યત્ત્વે પાંચ પેટા વિભાગોમાં વહેંચી શકાય. જેમાં પ્રોફેશનલ સર્વિસીસ જેવી કે- ગ્રાહકલક્ષી આરોગ્ય સેવાઓ, સંદેશા વ્યવહાર સેવાઓ, કાયદાકીય સેવાઓ, શૈક્ષણિક સેવાઓ વિગેરે. બીજુ સેવાનું ક્ષેત્ર બાંધકામની તથા રીયલ એસ્ટેટની સેવાઓ. જે સરેરાશ ૧૦ ટકાથી વૃધ્ધિ પામી રહયું છે. ત્રીજુ, સેવા ક્ષેત્ર ટુરીઝમનું છે. આમાં પર્યાવરણીય ટુરીઝમ, ધાર્મિક ટુરીઝમ, એડવેન્ચર ટુરીઝમ, મેડીકલ ટુરીઝમ જેવા ઊભરતા ક્ષેત્રો છે. ચોથી બાબત રીટેલ વ્યાપાર તથા સંગઠીત છૂટક વ્યાપારની છે. આ ક્ષેત્રના કુલ વેપાર પૈકી માત્ર ૩ ટકા વેપાર સંગઠીત ક્ષેત્રનો છે. જયારે ૯૭ ટકા વેપાર પરંપરાગત બિન-સંગઠીત ક્ષેત્રોમાં છે. આ ક્ષેત્રે પણ વિશાળ રોજગારીની તકો રહેલી છે. છેલ્લે પાંચમી અગત્યની સેવા મનોરંજન તથા મીડિઆ ક્ષેત્રની છે. આ ક્ષેત્ર સરેરાશ ૧૫ ટકાથી વધુ દરે વિકસી રહયું છે. ટેલિવિઝન, મનોરંજન, ચલચિત્રો, રેડિયો, મ્યુઝીક, પ્રિન્ટ મીડિઆમાં વિપુલ તકો રહેલી છે. ઊભરતા સેવાકીય ક્ષેત્રે ઉદ્ભવતી રોજગારીની વિપુલ તકો માટે ટેકનિકલ તથા વોકેશનલ શિક્ષણ પર વિશેષ ધ્યાન આપવું જ રહયું. વિનયન તથા વાણિજયના અભ્યાસક્રમોમાં ફેરફાર તથા પ્રવૃત્તિ લક્ષી અભ્યાસ (Activity based learnings) પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવાની ખાસ જરૂરિયાત છે.

સેવાકીય ક્ષેત્રની જરૂરિયાતોને પહોંચી વળવા સોફ્ટ સ્કીલ્સ વિકસે તે માટે ખાસ પ્રયત્નો, અભ્યાસક્રમો બહારની પ્રવૃત્તિઓ થઈ શકે. આ સંદર્ભે હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા તૈયાર કરાયેલ Report of the Task Force on General Educationમાં નીચેની આઠ બાબતોને સમાવિષ્ટ કરવાની ભલામણ કરવામાં આવી છે. જેમાં Aesthetic and Interpretive Understanding (કળામાં સુરૂચી તથા સમજણ), Culture and Beliefs (સંસ્કૃતિ તથા માન્યતાઓ), Empirical Reasoning (અનુભવ-પ્રયોગમૂલક કારણલક્ષી વિવેક શકિત), Ethical Reasoning (નીતિશાસ્ત્રલક્ષી વિવેક શકિત), Science of Living Systems (જીવનવિજ્ઞાન), Science of Physical Universe (ભૌતિકવિશ્વનું વિજ્ઞાન), Science of World (વિશ્વ વિજ્ઞાન), The Country in the World (વિશ્વમાં દેશનું સ્થાન).

ઉપરોકત બાબતો યુનિવર્સિટી તેના અભ્યાસક્રમમાં સાંકળશે તેની રાહ જોયા વિના દરેક કોલેજોમાં આ અંગે સ્વૈચ્છિક રીતે પ્રવૃત્તિલક્ષી માળખું ઘડી કાઢી તે દિશામાં પ્રયત્ન થાય તેવી સહજ અપેક્ષા છે.

તા. ૫મી જુન, ૨૦૦૯ — પ્રો. (ડો.) બી.એ. પ્રજાપતિ
સુરત. — કુલપતિ

# યુનિવર્સિટી ન્યૂઝ

## અભિવાદન



(યુનિવર્સિટી પરિસર સ્થિત સેન્ટર ફોર સોશ્યલ સ્ટડિઝના ૨૦મા આઈ.પી. દેસાઈ મિમોરિઅલ લેકચર પ્રસંગે યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, નવી દિલ્હીના ચેરમેન પ્રોફે. સુખદેવ થોરાટે તા. ૩૦-૫-૨૦૦૯ના રોજ Social Exclusion and Inclusive Policies : Addressing the issues of Inter-Group Disparities વિષય ઉપર વ્યાખ્યાન આપ્યું હતું. આ પ્રસંગે કુલસચિવશ્રી જે.આર. મહેતાએ પ્રો. થોરાટનું સાલ ઓઢાડી અભિવાદન કર્યું હતું.)

## સ્વનિર્ભર અભ્યાસક્રમ : ફી

યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજોના આચાર્યશ્રીઓ / નિયામકશ્રીઓને જણાવવાનું કે, વિનયન, વાણિજય અને વિજ્ઞાન વિદ્યાશાખા હેઠળની સ્નાતક અને પૂર્વસ્નાતક કક્ષાએ સિન્ડિકેટે તેની તા. ૦૯–૦૬–૨૦૦૯ ની સભાના ઠરાવ ક્રમાંક : ૨૦ અન્વયે નીચે પ્રમાણેની ફી લેવાનું ઠરાવેલ છે, જેનો અમલ ૨૦૦૯ – ૨૦૧૦ના શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે.

| Course | Tuition Fee (Per Year) | Other fee * | Total Fee (Per Year) |
|---|---|---|---|
| B.A., B.Com., B.S.W | 6000 (3000 Per Term) | 1500 | 7500 |
| B.B.A., B.Sc. (Micro, Medical Tech., Computer) | 15000 (7500 Per Term) | 1500 | 16500 |
| B.C.A | 18500 (9250 Per Term) | 1500 | 20000 |
| B.Sc. (Industrial Chemistry), B.Sc (Chemistry) | 10000 (5000 Per Term) | 1500 | 11500 |

* Books, Equipment, etc., Aminites, Exam fee,Campus Dev.,Enrolment fee (One Time),Students Welfare,I Card (One Time),Uni. Dev. Fee,Sports Dev,Admission Fee (One Time),SRC Sports Fee,College Deposit (Refundable) (One Time),Library Deposit (Refundable) (One Time).

B.Sc. (Micro, Medical Technology, Industrial Chemistry, Chemistry)માં માન્ય અભ્યાસક્રમ અમલમાં હોય લેબોરેટરીની સવલત કરવામાં આવેલી હોય તો પ્રતિ ટર્મ રૂા. ૭૫૦/– લેખે વાર્ષિક રૂા.૧૫૦૦/– વધારાની ફી તરીકે સંસ્થા લઈ શકશે.

આચાર્ય તથા શૈક્ષણિક સ્ટાફ (યુનિવર્સિટી માન્ય) અને વહીવટી સ્ટાફ મહેકમ મુજબ પ્રવર્તમાન પગાર ધોરણમાં નિમવાની શરતે આ ફી બે સત્રમાં ઉઘરાવવાની રહેશે અને જે તે હેતુ માટે જ આચાર્યની સહીથી વાપરવાની રહેશે ઉપરાંત અન્ય શરતોનું પરિપાલન કરવાની શરતે ઉપરોકત સુધારેલ ફી માળખાનો અમલ શૈક્ષણિક વર્ષ:૨૦૦૯-૧૦ થી કરવાનો રહેશે. ઉપરોકત ફીના ધોરણો નીચેની શરતોને આધીન રહી નકકી કરવામાં આવ્યા છે.

૧. સ્ટુડન્ટ યુનિયન ફીના ભંડોળમાંથી ૫૦ ટકા રકમ રમતગમત માટે ફાળવણી કરવી અને બાકીની રકમનો ઉપયોગ ઈતર પ્રવૃત્તિમાં સ્ટુડન્ટ કાઉન્સિલના બંધારણ મુજબ કરવો.

૨. ઉપરોકત એલાઈડ ફીનો ઉપયોગ આચાર્યોએ કોલેજોમાં નીચેના હેતુ માટે કરવો.

• કોલેજના બિલ્ડીંગમાં પંખા-ટયુબલાઈટ જેવી અન્ય સુવિધાઓ તેમજ ચાલુ લાઈટ ફીટીંગનું રિપેરીંગ, પંખાનું રિપેરીંગ, ટયુબલાઈટ, બલ્બ તથા ઈલેકટ્રીકના પાર્ટસ બદલવા તથા તેના લેબર ખર્ચ માટે.

• કોલેજના બિલ્ડીંગમાં વોટર સપ્લાય તથા સંડાસ, બાથરૂમ, ગાર્ડન, સ્પોર્ટસ ગ્રાઉન્ડની પાઈપ લાઈનનું પ્લમ્બીંગ કામ તથા ટાંકીનું રિપેરીંગ કામ, મોટર સપ્લાયના ઉપયોગમાં આવતી ઈલેકટ્રીક મોટર અથવા એ અંગેના અન્ય સાધનોના મરામત તથા પાર્ટસ બદલવા માટે.

• વોટરકુલર, એરકુલર, એરકન્ડીશનર, કમ્પ્યૂટર, અન્ય ઈલેકટ્રીક તથા ઈલેકટ્રોનિક સાધનોનો મરામત તથા જાળવણીના ખર્ચ માટે.

• વર્ગખંડો, કાર્યાલયના ફર્નિચર અને મરામતના ખર્ચની જાળવણી માટે.

• વિજ્ઞાન વિદ્યાશાખામાં વિવિધ વિષયોની અલગ-અલગ લેબોરેટરીના મરામત માટે.

**૩. જો સંસ્થા સરકારી/અર્ધસરકારી અથવા ગ્રાન્ટ–ઈન–એઈડ સંસ્થાનું મકાન સ્વનિર્ભર કોર્સ માટે વાપરતા હોય ત્યારે તેઓ દ્વારા ચલાવાતા આવા દરેક સ્વનિર્ભર અભ્યાસક્રમની ઉપર જણાવ્યા મુજબની નિયત ટયુશન ફી કરતાં ૨૫% ઓછી ટયુશન ફી વિદ્યાર્થી પાસેથી વસુલ કરવાની રહેશે.**

૪. યુનિવર્સિટી દ્વારા નકકી થયેલ ઉપરોકત ફી સિવાય અન્ય કોઈપણ પ્રકારની ફી સંસ્થા વિદ્યાર્થીઓ પાસે લઈ શકશે નહીં.

## રેગિંગ

યુ.જી.સી., નવી દિલ્હી દ્વારા રેગિંગના દૂષણને શૈક્ષણિક સંસ્થાઓમાંથી સદંતર નાબૂદ કરવા માટે UGC Regulation of ragging in Higher Education Institutions, ૨૦૦૯ અંતર્ગત Regulation ઘડવામાં આવેલ છે. આ Regulationની જોગવાઈઓ પૈકી ઉચ્ચ શિક્ષણની પ્રત્યેક સંસ્થાએ (૧) The Anti-Ragging Committee (૨) The Anti Ragging Squad અને (૩) Monitoring cell on Raggingની રચના કરવાની રહે છે. યુનિવર્સિટી સંલગ્ન પ્રત્યેક સંસ્થાએ ઉપર દર્શાવેલ ત્રણ કમિટિઓની રચના કરીને યુનિવર્સિટીને જાણ કરવાની રહે છે. તદ્પરાંત Regulationમાં દર્શાવેલ સૂચનાઓ/પગલાંઓને પણ ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓએ કાર્યાન્વિત કરવાની રહે છે. વધુ માહિતી માટે સંપર્ક : www.education.nic.in અથવા www.ugc.ac.in

## સેનેટ

ગુજરાત સરકાર, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૨-૫-૨૦૦૯ના પત્રાંક દગય-૧૩૮૭-૯૧૪-ખ થી યુનિવર્સિટીની સેનેટ પર વીર નર્મદ ગુજરાત યુનિવર્સિટી એકટની કલમ ૧૬ (૧) કલાસ-II (બી) અન્વયે સરકારશ્રીએ શ્રી રીતેષકુમાર અમરસિંહ વસાવા, મુ.પો. વાડી, તા. ઉમરપાડા, જિ. સુરતની સેનેટ પર નિયુકિત કરેલ છે. જેની મુદત પ્રવર્તમાન સેનેટની મુદત સુધીની રહેશે.

## સત્રવ્યવસ્થા

### શૈક્ષણિક વર્ષ ૨૦૦૯-૧૦ માટે સત્રવ્યવસ્થા

| વિગત | તારીખ |
|---|---|
| શૈક્ષણિક કાર્યની શરૂઆત<br>(૧) સ્નાતક કક્ષા<br>(૨) અનુસ્નાતક કક્ષા / વિભાગો | ૨૨-૦૬-૨૦૦૯ |
| એનરોલમેન્ટ ફોર્મ યુનિ. ને મોકલવાની છેલ્લી તારીખ | સાયન્સ સિવાયની તમામ વિદ્યાશાખા ૩૧-૦૮-૨૦૦૯<br>સાયન્સ ૩૦-૦૯-૨૦૦૯ |
| અનુસ્નાતક રજીસ્ટ્રેશન ફોર્મ યુનિ. ને મોકલવાની છેલ્લી તારીખ | ૩૦-૦૯-૨૦૦૯ |
| પ્રથમ આંતરિક કસોટી | ૦૧-૧૦-૨૦૦૯ |
| ઓકટોબર – ડિસેમ્બર યુનિ. પરીક્ષાના ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ (Only Third Year) | ૩૧-૦૮-૨૦૦૯ |
| ઓકટોબર – ડિસેમ્બર યુનિવર્સિટી પરીક્ષાઓ(Only Third Year) | ૦૯-૧૧-૨૦૦૯ |
| દિવાળી વેકેશન (સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો માટે) | ૧૫-૧૦-૦૯ થી ૪-૧૧-૨૦૦૯ |
| દ્વિતીય સત્રની શરૂઆત | કોલેજ : ૫-૧૧-૨૦૦૯<br>ડિપાર્ટમેન્ટ : ૫-૧૧-૨૦૦૯ |
| દ્વિતીય આંતરિક કસોટી | ૧-૨-૨૦૧૦ |
| માર્ચ-જુન યુનિ. પરીક્ષાના ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ | ૩૧-૧૨-૨૦૦૯ |
| માર્ચ-જુન યુનિ. પરીક્ષાઓ | બી.એડ્. : ૧-૪-૨૦૧૦ થી<br>અન્ય : ૧૫-૩-૨૦૧૦ થી |
| દ્વિતીય સત્રનો અંત | કોલેજ : ૨૪-૪-૨૦૧૦<br>ડિપાર્ટમેન્ટ : ૮-૫-૨૦૧૦ |
| ઉનાળુ વેકેશન | કોલેજ : ૨૬-૪-૨૦૧૦ થી ૧૩-૬-૨૦૧૦<br>ડિપાર્ટમેન્ટ : ૧૦-૫-૨૦૧૦ થી ૧૩-૬-૨૦૧૦ |
| શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧ના શૈક્ષણિક કાર્યની શરૂઆતનો પ્રથમ દિવસ | ૧૪-૬-૨૦૧૦ |
| યુવક મહોત્સવ | (ત્રણ દિવસ) ૧૦-૧૧-૧૨ ડિસેમ્બર ૨૦૦૯ |
| એન.એસ.એસ. કેમ્પ | દિવાળી વેકેશનમાં પૂર્ણ કરવા (૧૫-૧૦-૨૦૦૯ થી ૪-૧૧-૨૦૦૯) |

## બી.કોમ., બી.બી.એ., બી.સી.એ. પ્રવેશ

યુનિવર્સિટી સંલગ્ન શહેરની બી.કોમ. (ગુજરાતી, અંગ્રેજી, હિન્દી માધ્યમ), બી.બી.એ. અને બી.સી.એ.ના પ્રથમ વર્ષની પ્રવેશ માટેની મેરિટ યાદી સૌ પ્રથમ વખત યુનિવર્સિટીની વેબસાઈટ www.sgu.ernet.in ઉપર કેન્દ્રિય પ્રવેશ સમિતિ દ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલી છે. તદ્પરાંત કોલેજોમાં પણ પ્રદર્શિત કરવામાં આવેલી છે.

**બી.કોમ.માં ઉપલબ્ધ બેઠકો :**

(૧) બી.કોમ. (ગુજરાતી માધ્યમ) (ગ્રાન્ટ ઈન એઈડ) કોલેજોમાં ૪૦૩૦ બેઠક (૨) બી.કોમ. (ગુજરાતી માધ્યમ) (સેલ્ફ ફાયનાન્સ) કોલેજોમાં ૨૪૨૦ બેઠક (૩) બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) (ગ્રાન્ટ ફાઈનાન્સ) કોલેજોમાં ૭૮૦ બેઠક (૪) બી.કોમ. (અંગ્રેજી માધ્યમ) (સેલ્ફ ફાયનાન્સડ) કોલેજોમાં ૧૩૨૦ બેઠક (૫) બી.કોમ. ઓનર્સ (અંગ્રેજી માધ્યમ) (સેલ્ફ ફાઈનાન્સ) કોલેજોમાં ૧૧૦ બેઠક (૬) બી.કોમ. (હિન્દી માધ્યમ) (સેલ્ફ ફાયનાન્સ) કોલેજોમાં ૧૧૦ બેઠક છે. આમ, પ્રથમ વર્ષ બી.કોમ.માં કુલ ૮૭૭૦ બેઠકો ઉપલબ્ધ છે. બી.બી.એ.માં ૧૮૪૮ અને બી.સી.એ.માં ૧૩૮૬ બેઠકો ઉપલબ્ધ છે. બી.કોમ., બી.બી.એ. અને બી.સી.એ.માં કુલ ૧૨૦૦૪ બેઠકો ઉપલબ્ધ છે.

**પ્રવેશ કાર્યક્રમ :**

૧. તા. ૧૫-૬-૨૦૦૯ સાયન્સ પ્રવાહ મેરીટ ટકા ક્રમાંક ૧ થી ૧૦૬૫. (૨) તા. ૧૬-૬-૨૦૦૯ બધા જ પી.એચ. ઉમેદવારો, એસ.ટી. ઉમેદવારો મેરીટ ક્રમાંક ૨૦૦૧ થી ૨૬૫૧ (૩) તા. ૧૭-૬-૨૦૦૯ મેરીટ ક્રમાંક ૨૬૫૨ થી ૩૭૭૧ (૪) ૧૮-૬-૨૦૦૯ મેરીટ ક્રમાંક ૩૭૭૨ થી ૪૮૦૪ (૫) ૧૯-૬-૨૦૦૯ મેરીટ ક્રમાંક ૪૮૦૫ થી ૫૮૦૨ (૬) તા. ૨૦-૬-૨૦૦૯, મેરીટ ક્રમાંક ૫૮૦૩ થી ૬૯૪૮ (૭) તા. ૨૧-૬-૨૦૦૯ મેરીટ ક્રમાંક ૬૯૪૯ થી ૭૯૭૪ (૮) તા. ૨૨-૬-૨૦૦૯ મેરીટ ક્રમાંક ૭૯૭૫ થી ૯૧૩૪ (૯) તા. ૨૩-૬-૨૦૦૯ મેરીટ ક્રમાંક ૯૧૩૫ થી ૧૦૨૭૧ (૧૦) તા. ૨૪-૬-૨૦૦૯ મેરીટ ક્રમાંક ૧૦૨૭૨ થી ૧૧૩૮૧ (૧૧) તા. ૨૫-૬-૨૦૦૯ મેરીટ ક્રમાંક ૧૧૩૮૨ થી ૧૨૪૧૫ (૧૨) તા. ૨૬-૬-૨૦૦૯ મેરીટ ક્રમાંક ૧૨૪૧૬ થી ૧૩૫૬૩ (૧૩) તા. ૨૭-૬-૨૦૦૯ મેરીટ ક્રમાંક ૧૩૫૬૪ થી ૧૪૮૧૩ (૧૪) તા. ૨૮-૬-૨૦૦૯ મેરીટ ક્રમાંક ૧૪૮૧૪ થી ૧૬૧૪૯ (૧૫) તા. ૨૯-૬-૨૦૦૯ મેરીટ ક્રમાંક ૧૬૧૫૦ થી ૧૭૪૨૨ (૧૬) તા. ૩૦-૬-૨૦૦૯ બધા જ સ્પોર્ટસ અધર બોર્ડ ઉમેદવારો : મેરીટ ક્રમાંક ૨૬૦૦૧ થી ૨૬૩૭૭. અધર સ્ટેટ ઉમેદવારો : મેરીટ ક્રમાંક ૨૫૦૦૧ થી ૨૫૧૫૩. લેઈટ ફોર્મ : ૭૦.૦૦ ટકાથી કે તેથી વધુ, ૫૦.૦૦ ટકા થી ૬૯.૯૯ ટકા, ૩૦.૦૦ ટકા થી ૪૯.૯૯

અધિકૃત માહિતી તથા વિગતવાર કાર્યક્રમ માટે યુનિવર્સિટીની વેબસાઈટનો ઉપયોગ કરવો.

પ્રવેશ સ્થળ :
સર કે.પી. કોમર્સ કોલેજ, ચોપાટી સામે, અઠવાલાઈન્સ, સુરત.
(સમય સવારે ૯.૦૦ થી સાંજના ૪.૦૦ સુધી)

## POST-GRADUATE (SELF-FINANCED) ADMISSION NOTICE : 2009-10

Applications in the prescribed form are invited from eligible candidates for admission to the following courses of studies leading to the Post-Graduate Degree / Diploma Programmes in various disciplines for the Academic Year 2009-10.

**(1) Master of Business Economics**. Eligibility: Any Graduate with minimum 50 % marks, Issue Date:1-6-09, Last Date: 15-7-09, Form Fee Rs. 250 /-

**(2) Master of Human Resource Development.** Eligibility: Any Graduate with minimum 50 % marks, Issue Date: 1-6-09, Last Date: 30-6-09, Form Fee Rs. 300 /-

**(3) Master of Human Resource Development. (Evening 3 yrs. Course).** Eligibility: Any Graduate with minimum 45 % marks and at least one year of Industrial / Business Organizations working experience, Issue Date: 1-6-09, Last Date: 30-6-09, Form Fee Rs. 300 /-

**(4) Master of Labour Welfare.** Eligibility: Second Class Any Graduate with minimum 48 % marks & English as compulsory subject, Issue Date: 1-6-09, Last Date: 30-6-09, Form Fee Rs. 300 /-

**(5) P.G. Diploma in Computer Application (Full / Part Time)**. Graduate Degree in any faculty from a recognized University, Issue Date: 8-6-09, Last Date: 20-6-09, Form Fee Rs. 100 /-

**(6) M.Sc. - Bio informatics.** Eligibility: Any Science Graduate including B.E. (Computer Engineering) & B.E.

(Information Technology, Issue Date: 8-6-09, Last Date: 20-6-09, Form Fee Rs. 100 /-

**(7) 1. M.Sc. (Tech) in Instrumentation, 2. P.G. Diploma in Instrumentation.** Science Graduate with, (Physics / Electronics / Chemistry / Eligibility: Instrumentation) with minimum 45 % marks for Open / SEBC & 40 % for SC / ST category, Issue Date: 1-6-09, Last Date: 10-7-09, Form Fee Rs. 300/-

**(8) M.A. - Mass Communication.** Eligibility: Any Graduate with minimum 45 % marks for Open / SEBC & 40 % for SC / ST category, Issue Date: 1-6-09, Last Date: 15-7-09, Form Fee Rs. 250 /-

**(9) Bachelor of Library and Information Science.** Eligibility: Any Graduate with English as compulsory subject, Issue Date: 2-6-09, Last Date: 30-6-09, Form Fee Rs. 100 /-

**(10) Master of Social Work.** Any Graduate with minimum 50 % marks, Issue Date: 1-6-09, Last Date: 30-6-09, Form Fee Rs. 250 /-

**(11) Advanced P.G. Diploma in Medicinal Plant.** Eligibility: Post Graduate in Botany, Zoology, Chemistry, Pharmacy, Medicine, Ayurveda, Homeopathy, Horticulture with minimum 45 % marks for Open / SEBC & 40 % for SC / ST category, Issue Date: 1-7-09, Last Date: 31-7-09, Form Fee Rs. 100/-

**(12) M.Sc. - Applied Statistics.** Eligibility: Second Class Any Graduate & English as compulsory subject & Statistics at least as a subsidiary subject, Issue Date: 1-6-09, Last Date: 27-6-09, Form Fee Rs. 150/-

**(13) Master of Public Administration (Part Time).** Eligibility: Any Graduate with 2 yrs. experience in Govt. or Public Organization, Issue Date: 1-6-09, Last Date: 4-7-09, Form Fee Rs. 100 /-

14) (i) **P.G. Diploma in Development and Management of Rural Organizations** (External 1 year course) (ii) **P.G. Diploma in Co-Operative Business Management** (External 1 year course) (iii) **P.G. Certificate Programme in Rural Marketing Management** (External 6 months course) Eligibility : (i) Any graduate with 50% or 45% 2nd class (ii) Candidate must have functional knowledge of English and has taken formal course in English during the graduate study. (iii) Preference will be given to B.R.S./M.R.S. students. Issue Date : 10-6-2008, Last Date : 10-7-2008, Form Fee Rs. 100/-

(15) **(i) Bachelor of Interior Design (ii) Bachelor of Fine Arts.** Eligibility : HSC or equivalent exam passed any stream with minimum 40% marks, Issue Date : 28-5-2008, Last Date : 13-6-2008, Form Fee Rs. 200/- (A) The Prospectus (alongwith Application Form) containing detail procedure for admission, is available against payment from respective Development offering the Courses. (B) Limited Hostel facilities are available on the University Campus. A separate application is required to be submitted after getting admission in the respective Programme.

## Faculty Corner

1. **Orientation Programmes :** 67th: 15-6-2009 to 11-7-2009, 68th 17-8-2009 to 12-9-2009, 69th 16-11-2009 to 12-12-2009, 70th 4-1-2010 to 30-1-2010 **2. Refresher Courses : Mathematics** : 15-6-2009 to 04-7-2009, **Bus. Administration/Management** : 22-6-2009 to 11-7-2009, Sociology : 20-7-2009 to 08-8-2009, **Political Science** : 10-8-2009 to 29-8-2009, **Chemistry** : 17-8-2009 to 05-9-2009, **Physics** : 17-8-2009 to 05-9-2009, **Home Science** : 21-8-2009 to 10-9-2009, **Education** : 07-9-2009 to 26-9-2009, **Botany** : 07-9-2009 to 26-9-2009, **Economics** : 22-9-2009 to 12-10-2009, **Zoology** : 22-9-2009 to 12-10-2009, **Psychology** : 26-10-2009 to 14-11-2009, **Philosophy** : 16-11-2009 to 05-12-2009, **Hindi** : 30-11-2009 to 19-12-2009, **Sanskrit** : 21-12-2009 to 09-1-2010. **For further details : www.ugc.ac.in**

**Refresher Courses:** 1. **Physics**: (15-6-2009 to 5-7-2009), Coordinator: Dr.Y.N.Tiwari, Department of Physics, (M) 9436140111, 2. **Economics**: (17-6-2009 to 7-7-2009). Coordinator: Dr.U.K.De, Department of Economics, (M) 9436102066, 3. **Biotech/Bioinformatics**: (11-7-2009 to 31-7-2009), Coordinator: Dr.S.R.Joshi, Department of Biotechnology and Bioinformatics, (M) 9436102171, 4. **Hindi**: (3-8-2009 to 24-8-2009), Coordinator: Dr.S.K.Sharma,Department of Hindi, (M) 9436105977, 5. **Botany**: (5-8-2009 to 26-8-2009), Coordinator: Dr. N. Venugopal, Department of Botany, (Tel): 0364-2722222, 6. **Geography** :( 31-8-2009 to 20-9-2009), Coordinator: Prof. Surendra Singh, Department of Geography, (Tel): 0364-2723205, 7. **Sociology**: (1-9-2009 to 21-9-2009), Coordinator: Dr.D.V.Kumar,Department of Sociology, (M)9436160928, 8. **Political Science**: (5-10-2009 to 26-10-2009), Coordinator: Dr. K. Debbama, Department of Political Science, (Tel): 0364-2723029, 9. **Chemistry** : (7-10-2009 to 28-10-2009), Coordinator: Dr.Ghanshyam Bez, Department of Chemistry, (M)9863185940, 10. **Zoology**: (3-11-2009 to 23-11-2009), Coordinator: Dr. S. N. Ramanujam,Department of Zoology, (M) 9436312492, 11. **Khasi**: (5-11-2009 to 25-11-2009), Coordinator: Dr. D. R. L. Nonglait, Department of Khasi, (Tel): 0364-2723307, 12. **Education**: (6-11-2009 to 26-11-2009), Coordinator: Prof. A.Henia, Department of Education, (M) 9436102496, 13. **Commerce and Management**: (27-11-2009 to 17-12-2009), Coordinator: Dr. A. P. Pati, Department of Commerce and Management. (Tel): 0364-2723161, 14. **History**: (27-11-2009 to 17-12-2009), Coordinator: Dr.T.Gurung Nag, Department of History, (M) 9863042934, 15. **English**: (23-2-2010 to 15-3-2010), Coordinator: Dr. Sukalpa Bhattacharjee, Department of English, (M) 9436116642. **Orientation Programmes :** 6th Orientation Programme (Information Technology for College/University Teachers): (25-2-2010 to 26-3-2010). 7th Orientation Programme (General) :( 15-5-2010 to 15-4-2010). 8th Orientation Programme (General): (29-3-2010 to 27-4-2010). **Contact: The UGC-Academic Staff College, NEHU, Shilong. www.nehu.ac.in**

**Orientation Course :** 3rd-30th Oct 09 : Assistant Professors (Lecturers), OC for Urdu Medium Teachers : 4th Feb-3rd March 10 Assistant Professors teaching in Urdu Medium. **Refresher Course : Research Methodology in Humanities and Social Sciences** : 17th June-7th July 09 : Research Scholars / Post Doctorate Fellows in Humanities and Social Sciences, Urdu : 10th-30th Jul 09 : Assistant Professors (Lecturers) in Urdu, Education (Educational Technology) : 5th-25th Aug 09: Assistant Professors (Lecturers) in **Education, Hindi** : 27th Aug-17th Sep 09 : Assistant Professors (Lecturers) In Hindi, Open and Distance Learning (Multi Disciplinary) : 27th Aug-17th Sep 09 : Academic staff associated with Open and Distance learning, **English** 3rd-23rd Nov 09 : Assistant Professors (Lecturers) in **English**, Multiculturalism : 3rd Nov-23rd Nov 09 : Assistant Professors (Lecturers) in any subject, **Commerce & Management** : 1st Dec-21st Dec 09 : Assistant Professors (Lecturers) in **Commerce and Management**, **Comparative Literature** : 5th Jan-25th Jan 10 : Assistant Professors (Lecturers) in Languages (interdisciplinary), Women Studies : 4th-24th Fab 10 : Assistant Professors (Lecturers) in any subject (interdisciplinary). **Professional development programmes for Faculty :** E-learning 1st-6th March 10 : Associate Professors/Professors in any subject, **Professional Development Programmes for Group B & C Non-Teaching Staff :** ICT for Office Administration : Workshop for Communication Skills : 27th July-1st Aug 09 : Group B & C Staff of Universities. Financial Packages for Office Procedure : 25th-30th Jan 10 : Group B & C Staff of Universities.

**Address : Director, UGC-Academic Staff College, Maulana Azad National Urdu Universities, Gachibowli, Hydrabad-500 032. www.manuu.ac.in**

## Student Corner

**State-wise list of fake Universities as on 18th January, 2009**

1. Maithili University/Vishwavidyalaya, Darbhanga, Bihar. 2. Varanaseya Sanskrit Vishwavidyalaya, Varanasi (UP) Jagatpuri, Delhi. 3. Commercial University Ltd., Daryaganj, Delhi. 4.United Nations University, Delhi. 5. Vocational University, Delhi. 6. ADR-Centric Juridical University, ADR House, 8J, Gopala Tower, 25 Rajendra Place, New Delhi. 7. Indian Institute of Science and Engineering, New Delhi. 8.Badaganvi Sarkar World Open University Education Society, Gokak, Belgaum, Karnataka. 9. St. John's University, Kishanattam, Kerala. 10. Kesarwani Vidyapith, Jabalpur, Madhya Pradesh. 11. Raja Arabic University, Nagpur, Maharashtra. 12. D.D.B. Sanskrit University, Putur, Trichi, Tamil Nadu. 13. Indian Institute of Alternative Medicine, Kolkatta. 14. Mahila Gram Vidyapith/Vishwavidyalaya, (Womens University) Prayag, Allahabad, Uttar Pradesh. 15. Indian Education Council of U.P., Lucknow, U.P. 16. Gandhi Hindi Vidyapith, Prayag, Allahabad, U.P. 17. National University of Electro Complex Homeopathy, Kanpur, Uttar Pradesh. 18. Netaji Subhash Chandra Bose University (Open University), Achaltal, Aligarh, Uttar Pradesh. 19. Uttar Pradesh Vishwavidyalaya, Kosi Kalan, Mathura, Uttar Pradesh. 20. Maharana Pratap Shiksha Niketan Vishwavidyalaya, Pratapgarh, Uttar Pradesh. 21. Indraprastha Shiksha Parishad, Institutional Area,Khoda,Makanpur,Noida Phase-II, Uttar Pradesh. 22. Gurukul Vishwavidyala, Vridanvan, Uttar Pradesh.

**For further details : www.ugc.ac.in**

Note: The matter of recognition of degree like B.Ed/M.Ed. etc. awarded by the Bhartiya Shiksha Parishad, Lucknow and also its recognition is still subjudice.

## વિદાય સમારંભ



(કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે.આર. મહેતા, સિન્ડિકેટ સભ્યશ્રી દિપકભાઈ આફ્રિકાવાલા તથા નિવૃત્ત કર્મચારીઓ)

યુનિવર્સિટી પરિવારના શ્રી એમ.બી. દવે (રીડર, અર્થશાસ્ત્ર), શ્રી કલ્યાણજી જે. પટેલ (કાર્યાલય અધિક્ષક), શ્રીમતી ભારતીબેન બી. દેસાઈ (કાર્યાલય અધિક્ષક), કુ. બી. સી. દેસાઈ (હેડ કલાર્ક), કુ. હરબાળા આર. દેસાઈ (હેડ કલાર્ક), શ્રી કરસનભાઈ પી. ઢોડીયા (જુ.ક./ટાઈપીસ્ટ), શ્રી મહેન્દ્ર એસ. પટ્ટણી (લેબ.આસી.), શ્રી ચંદ્રકાન્ત ડી. શીંદે (મશીનમેન), શ્રી ભૂલાભાઈ આર. પટેલ (ડ્રાઈવર), શ્રી નાનુભાઈ પી. પટેલ (નાયક), શ્રી ઉદેસિંહ એસ. રાઠોડ (નાયક) અને શ્રી ડાભાઈ એમ. સોલંકી (પટાવાળા) તા. ૧૪-૬-૨૦૦૯ના રોજ વયમર્યાદાને કારણે નિવૃત્ત થયા. નિવૃત્ત થતા કર્મચારીઓનો વિદાય સમારંભ તા. ૧૨-૬-૨૦૦૯ના રોજ સાંજે ૫.૦૦ કલાકે સેનેટ હોલમાં કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને તથા કુલસચિવશ્રી જે.આર. મહેતા, સિન્ડિકેટ સભ્યશ્રી દિપકભાઈ આફ્રિકાવાલા અને યુનિવર્સિટી પરિવારની ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. જેમાં કુલપતિશ્રી પ્રોફે. (ડૉ.) બી.એ. પ્રજાપતિ, કુલસચિવશ્રી જે.આર. મહેતા તથા શ્રી દિપકભાઈ આફ્રિકાવાલાએ નિવૃત્ત થતા કર્મચારીઓને સાલ ઓઢાડી સન્માન કર્યું તથા પ્રસંગોચિત ઉદ્‌બોધન કરી નિવૃત્ત થતા કર્મચારીઓનું શેષ જીવન સુખી બને તે માટે શુભેચ્છાઓ પાઠવી હતી.



(યુનિવર્સિટી પરિવાર)

# કોલેજ ન્યૂઝ

## મુલાકાત




તા. ૧૫-૦૫-૨૦૦૯ના રોજ ડૉ. સદાનંદ સાહુ, ડેપ્યુટી એડવાઈઝર ઓફ હોમિયોપેથિ ડિપાર્ટમેન્ટ ઓફ આયુષ, (ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા) તેમજ ડૉ. આર.ડી. પટેલ આસિસ્ટન્ટ ડાયરેકટર ડિપાર્ટમેન્ટ ઓફ આયુષ (ગવર્નમેન્ટ ઓફ ગુજરાત) દ્વારા સી.એન. કોઠારી હોમિયોપેથિક મેડિકલ કોલેજ અને રિસર્ચ સેન્ટર તાડકુવા, વ્યારાની મુલાકાત લેવામાં આવી હતી. આ પ્રસંગે કોલેજ દ્વારા સ્વાગત કાર્યક્રમ યોજાયો હતો. જેની શરૂઆત પ્રાર્થના તેમજ દીપ પ્રાગટયથી કર્યા બાદ ડૉ. જયોતિ રાવે અતિથિઓને શબ્દોથી આવકાર આપ્યો હતો. કોલેજનાં ડાયરેકટર ડૉ. માર્કંડભાઈ ભટ્ટ દ્વારા ડૉ. સદાનંદ સાહુનો પરિચય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ કોલેજના ટ્રસ્ટી ડૉ. કનુભાઈ દેસાઈ, ડૉ. માર્કંડભાઈ ભટ્ટ તેમજ પ્રિ. ડૉ. જયોતિ રાવ દ્વારા અતિથિઓનું પુષ્પગચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ડૉ. સદાનંદ સાહુએ કોલેજ વિશેનાં મંતવ્ય રજૂ કર્યા તેમજ ડિપાર્ટમેન્ટ ઓફ આયુષ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા દ્વારા હોમિયોપેથિના પ્રસાર અને પ્રચાર અંગે હાથ ધરાયેલા પ્રયત્નો વિશે માહિતી આપી હતી આ પ્રસંગે પધારેલ ડૉ. આર.ડી. પટેલ દ્વારા ઈર્ન્ટન ડોકટર તેમજ કોલેજના વિદ્યાર્થીઓને હોમિયોપેથિના વિકાસ માટે યોગદાન આપવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમના અંતે અરૂણા અનિલ વ્યારા પ્રદેશ પ્રતિષ્ઠાનના દશાબ્દિ વર્ષની ઊજવણી રૂપે અતિથિઓ દ્વારા દસ મેડિસીનલ વૃક્ષોનું આરોપણ કરવામાં આવ્યું હતું. અંતે ડૉ. મહાવીર ધીયાએ ડૉ. સદાનંદ સાહુ તેમજ ડૉ. આર.ડી. પટેલનો સંસ્થા વતી આભાર માન્યો હતો. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થિની દિપ્તી સીંઘ તેમજ ચેતના સીનસીનબાર દ્વારા ડૉ. મીના કાલરાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

## વ્યાખ્યાન




તા. ૨૩-૫-૨૦૦૯ના રોજ શ્રી સી.એન. કોઠારી હોમિયોપેથિક મેડીકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વ્યારામાં કોલેજના ટ્રસ્ટ 'અરૂણા અનિલ વ્યારા પ્રદેશ વિકાસ પ્રતિષ્ઠાન'ના દશાબ્દિ વર્ષની ઊજવણીને અનુલક્ષીને 'આધ્યાત્મિક વિજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાનની સહયાત્રા' વિષય ઉપર કથાકાર, ઈસરો (અમદાવાદ) તેમજ ભાભા એટોમીક રિસર્ચ સેન્ટરના પૂર્વ વૈજ્ઞાનિક ડૉ. રમેશચંદ્ર પંડયાનું વ્યાખ્યાન યોજાઈ ગયું. કોલેજના ડાયરેકટર ડૉ. માર્કંડ ભટ્ટે ડૉ. રમેશચંદ્રને શાબ્દિક આવકાર તેમજ પરિચય આપ્યો હતો. ટ્રસ્ટના પ્રમુખશ્રી શિરીષભાઈ પ્રધાન, મંત્રીશ્રી ડૉ. કનુભાઈ દેસાઈ તેમજ પ્રિ. ડૉ. જયોતિરાવે, ડૉ. રમેશચંદ્ર પંડયાનું પુષ્પ ગુચ્છથી સ્વાગત કર્યુ હતું. વૈજ્ઞાનિક તેમજ પ્રખર વકતા એવા ડૉ. રમેશચંદ્ર પંડયાએ વ્યાખ્યાનની શરૂઆત વેદઋચા તેમજ મંત્રોચ્ચારથી કરી. 'આધ્યાત્મિક વિજ્ઞાન અને ભૌતિક વિજ્ઞાનની સહયાત્રા' જેવા વિષય પર બોલતા ડૉ. રમેશચંદ્ર પંડયાએ બ્રહમાંડમાં ઉદ્‌ભવ અંગે વેદઉપનિષદોમાં થયેલા ઉલ્લેખ તેમજ વૈજ્ઞાનિકો દ્વારા સંશોધનો દ્વારા શોધાયેલ તર્કસત્યોની સામ્યતા દર્શાવતા જણાવ્યું કે, ઋગવેદમાં જણાવ્યા મુજબ બ્રહમાંડમાં ઉદ્‌ભવ પહેલા સર્વત્ર કાળરાત્રી (તમસ) વ્યાપ્ત હતી. વૈજ્ઞાનિક મનાનુસાર પણ આકાશગંગા, તારા, ગ્રહો નિહારિકા ઓના ઉદ્‌ભવ પહેલા એક કાળા ધુમાડા જેવું કઈક હતું. અચાનક Cosmic eggના ધડાકાભેર વિસ્ફોટ સાથે અસંખ્ય આકાશગંગા, નિહારીકા, ગ્રહો, તારા, સૂર્યમંડળ કાળાતંરે ઉદ્‌ભવ થયો. આ સમગ્ર તારાઓ, ગ્રહો આકાશગંગાઓ અબજો વર્ષો પછી ફરીથી મૃત થઈ 'બ્લેક હોલ' માં સમાઈ જશે. ડૉ. પંડયાએ બ્લેક હોલ થિયરી તેમજ સર્વોચ્ચ ધ્વનિ એવા 'ૐ' ને ખુબ જ સુંદર રીતે સાંકળતા જણાવ્યું કે સમગ્ર સૃષ્ટિ વૈજ્ઞાનિક તેમજ આધ્યાત્મિક રીતે આ બંનેમાં સમાઈ જાય છે. આધ્યાત્મિક તેમજ ભૌતિકવિજ્ઞાન જરૂરિયાત ધ્યેય તેમજ ધ્યેય પ્રાપ્તિનાં વિવિધ સાધનોની સુંદર છણાવટ કરતાં જણાવ્યું કે સ્થુળ પ્રકૃતિ જોવા વિજ્ઞાનની જરૂરી છે. જયારે સૂક્ષ્મ પ્રકૃતિને જોવા આધ્યાત્મિકતાની જરૂરિયાત છે. ડૉ. માર્કંડ ભટ્ટે, ડૉ. રમેશચંદ્ર પંડયાને હૃદયપૂર્વક આભાર માન્યો હતો.


## મુખપત્ર



ગાર્ડિયન. (વર્ષ ૨૦૦૮-૨૦૦૯, અંકઃ૬૪) (સો.બ.ગાર્ડા કોલેજ (આર્ટસ) અને પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ, નવસારી). સંપાદક : ડૉ. મહાવીરસિંહ ગોહિલ અને ડૉ. કુસુમબેન જે ચૌહાણ.



ઉદધિ (૨૦૦૮-૨૦૦૯, અંક : ૨). (વિદ્યાભારતી ટ્રસ્ટ કોલેજ ઓફ એજયુકેશન ઉમરાખ) સંપાદક : પ્રા. સંજય એસ. ભગતવાલા, શ્રી પ્રિયંક પી. વાંસિયા



उच्चैस्तराम्. (2008 - 2009, અંક : 24). (B. P. Baria Science Institute Navsari), સંપાદક : પ્રા. ર્ડા. નેવિલ પટેલ, પ્રા. શ્રી. ભરત એન. પરમાર



**SCETMATE (2009).** Vol-1, issue-12) (Sarvajanik College of Engineering and Technology, Surat.) Newsletter Committee Converner : Er. Sudhir Yardi.

## વિજ્ઞપ્તિ

'દક્ષિણાયન' માં પ્રસિધ્ધ કરવા માટેની માહિતી નીચે દર્શાવેલ સરનામે મોકલી આપવા વિનંતી.

બી.જે. અંકુયા  
ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન  
યુનિવર્સિટી મધ્યસ્થ ગ્રંથાલય  
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી  
ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭

# દક્ષિણાયન

## પ્રતિભાવ

Dear Dr. Prajapati

I must thank you very much for sending me "Dakshinayan" copies for all these months, starting from January 2009. Yours is the second University in Gujarat to have started a News Letter providing a conduit of information about the audinances and statues of the universities, the functioning of the various boards of studies. The News Letter also serve the purpose of informing any one interested in the functioning of the University. Morever it is a boon to students for knowing how the University functions.

I must congratulate you on the publication of this News Letter. I do not know what help I can render to the University and its ideals. But fell free to let me know if I can be of any service to the University or "Dakshinayan".

With Best Wishes.

Prof. V. J. Trivedi
Ahmedabad

# વાચન વિશેષ

## સખાવત

પેરિસના એક પ્રખ્યાત માર્ગ ઉપરથી એક દાદા તેના પૌત્રને લઈને ટહેલવા નીકળ્યા હતા. દાદાની ખ્યાતિ સૌજન્યપૂર્ણ અને દયાવાન વ્યકિત તરીકેની હતી. એક અંધ વ્યકિત પોતાની હેટ હાથમાં રાખી, ભીખ માંગી રહયો હતો. દાદા ને પૌત્ર તેની નજીક આવ્યા એટલે દાદાએ ચાર સિકકા પૌત્રને આપ્યા અને અંધ વ્યકિતની હેટમાં મૂકવા પૌત્રને કહયું. પૌત્ર સિકકા લઈ અંધ વ્યકિતની હેટમાં મૂકી આવ્યો અને દાદા સાથે જોડાયો. દાદાએ નરમાશથી પૌત્રને કહયું, 'તારે તારી હેટ એ વ્યકિતને અડકાવવાની જરૂર હતી.' 'શા માટે મારે તેમ કરવું જોઈએ ?' નાના પૌત્રે કહયું. 'જયારે પણ આપણે કોઈને નાણાં આપી મદદ કરતાં હોઈએ ત્યારે આપણે સૌજન્યતા અને વિવેક ચૂકવા ન જોઈએ.' દાદાએ સમજાવીને જવાબ આપ્યો. પૌત્રે જીદ ન છોડતા કહયું : પણ તે તો અંધ છે. હું તેને હેટ અડકાડું છું તે તો તે જોઈ શકે તેમ નથી.' 'કદાચ એ ઢોંગ કરતો હોય અને અંધ ન પણ હોય.' દાદાએ કહયું. વૃદ્ધ દાદાને પેલો અંધ ભિખારી ઢોંગી છે, કેમ તે જાણવાની જરૂર ન હતી પણ સાથે સાથે તે જે હોય તે પણ ભિક્ષુક તરફ સૌજન્યતા અને વિવેક તો દાખવવા જ જોઈએ. આપણા દંભી અહંને આગળ ધરી તેની મજબૂરીને વધુ મજબૂર ન કરવી જોઈએ. (સાભાર : જીતો દુનિયા તમારા અભિગમથી. જે.પી. વાસવાણી. પૃ. ૯૪)

## પુસ્તક પરિચય

**ગુજરાત : ઘરદીવડા અને તેજનક્ષત્રો.** લે. વિષ્ણુ પંડયા અને ડૉ. આરતી પંડયા, અમદાવાદ : ન.સા. મંદિર, ૨૦૦૮. પૃ.૪૫૬. રૂા. ૩૨૫

વરિષ્ઠ પત્રકાર, સાહિત્યકાર, સંશોધક, વિચારક પ્રા. વિષ્ણુ પંડયા અને પ્રા. ડૉ. આરતી પંડયાનો આ ગ્રંથ ગુજરાત જ નહિં પણ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ જેમનાં નામ આદરપૂર્વક લેવાય છે તેવા ગુજરાતના તેજનક્ષત્રોનો પરિચય કરાવે છે.

ગુજરાતના તેજનક્ષત્રોમાં વિમલાતાઈ ઠાકર, સરદાર વલ્લભભાઈ પટેલ, મોરારજી દેસાઈ, એચ.એમ. પટેલ, બાબુભાઈ જ. પટેલ, ચિમનભાઈ પટેલ, સનત મહેતા, ઝીણાભાઈ દરજી, હાજી અલ્લારખિયા શિવજી, ઝવેરચંદ મેઘાણી, અમૃતલાલ શેઠ, એ.ડી. ગોરવાલા, સી.આર. ઈરાની, વાસુદેવ મહેતા, સી.બી. પટેલ, ઉમાશંકર જોશી, જયંતિ દલાલ, સુરેશ જોષી, રસિકભાઈ પરીખ, કે.કા. શાસ્ત્રી, ડૉ. એસ્થર સોલોમન, મકરંદ દવે, ચંદ્રકાન્ત બક્ષી, જયંત કોઠારી, ગૌરા પંત, દિલીપ રાણપુરા, શેખાદમ આબુવાલા, લક્ષ્મણરાવજી ઈનામદાર, ચંદ્રકાંત દરૂ, પુ.ગ. માવળંકર, અજિતા નારાયણન, ડૉ. વસંત પરીખ, અરુણાબેન દેસાઈ, ડૉ. કિરીટ એમ. આચાર્ય, ડૉ. નીતિન વોરા, લાલજીભાઈ વેકરિયા, ઝુબિન મહેતા, શ્રોફ પરિવાર, બીરેન શાહ, દામજીભાઈ એન્કરવાલા, મૃણાલિની સારાભાઈ, મહેરબેન કોન્ટ્રાકટર, તુફાન રફાઈ, કે.લાલ., સ્વામી અક્ષયાનંદજી, ઓમ સંતોષગિરિ, બાબુભાઈ રાણપુરા, હીરજીભાઈ કારાણી, સુનિતા વિલિયમ્સ પંડયા, શ્યામજી કૃષ્ણવર્મા, સરદારસિંહ રાણા, મેડમ કામા અને છગન ખેરાજ વર્મા જેવા ગુજરાતના પ્રતિષ્ઠિત સમાજચિંતકો, સાહિત્યકારો, રાજનીતિજ્ઞો, પત્રકારો અને કલાકારોના જીવન-કથનના અંતરંગ અનુભવને પુસ્તકમાં લેખકોએ પ્રસ્તુત કરેલ છે. મહાનુભાવોથી માંડીને મિત્રો સાથેના પ્રસ્તુત થયેલ આ વ્યકિતચિત્રો ગુજરાતમાં જ નહીં પણ આંતરરાષ્ટ્રીય ફલકે પણ આદરપૂર્વકનું સ્થાન શોભાવે છે.

પ્રસ્તુત થયેલ વ્યકિતચિત્રો સાથે લેખકોનો આત્મીય સંબંધ રહયો છે. આ વ્યકિતચિત્રોમાં તેમના સંપૂર્ણ જીવનનું આલેખન નથી પણ અનુભવેલી વિશેષતાઓનું અદ્‌ભૂત ચિત્રાંકન જોવા મળે છે. આ સ્મૃતિચિત્રો-વ્યકિતચિત્રોનું વાંચન કરતાં આપણને ગૌરવની લાગણીનો અનુભવ થાય છે. વાચન રસપ્રદ એટલા માટે બને છે કે સ્મૃતિચિત્રો-વ્યકિતચિત્રો સાથે લેખકોને સંબંધ રહયો છે.

લેખકો જણાવે છે કે : ગુજરાતના ઘરદીવડા અને તેજનક્ષત્રોની હજુ ઘણી લાંબી યાદી છે. આમાં સમાવાયેલી વ્યકિતઓ ઉપરાંત બીજા ઘણાને ભવિષ્યે કાગળ ઉપર ઉતારવાની ઈચ્છા છે. આપણે આશા રાખીએ કે લેખકોની આ શુભ ઈચ્છા ફળે અને ગુજરાતના ઈતિહાસને ગૌરવાન્વિત કરનાર ઘરદીવડાઓ અને તેજનક્ષત્રોનાં વ્યકિતચિત્રો આપણને મળે.

બી.જે. અંકુયા
ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

બહુ મોટું ગુજરાત, શહેર ઝાઝાં વિખ્યાતાં;
સૂરત તુજ સંતાન, જન્મબુદ્ધિમાં માતાં.
નર્મદ

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.sgu.ernet.in

Editor : B J Ankuya, Incharge University Librarian, VNSGU Central Library, Surat. Published by : Shri J R Mehta, Registrar, VNSGU, Surat.
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : info@kliksolutions.com

This newsletter is also available on the Library at website http://116.74.106.203/opac